e MAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 364
July 25, 2014

## ડીમોલીશનની કામગીરી બાબત

ડીમોલીશનની કામગીરી બાબત ...

વધુ માટે કલીક કરો >>>>>>



## "સુરત મહાનગરપાલિકા આયોજીત વર્ષાગીત સ્પર્ધા"

ભારતીયલોક સંસ્કૃતિ અને વૈવિધ્ય સભર સાંસ્કૃતિક વિરાસતના જતન કરવાના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. ભારત જેવા કૃષિપ્રધાન દેશમાં વરસાદની મહત્તાને ઉજાગર કરતા વરસાદના આગમનને વધાવવા તા.૧૮/૦૭/૨૦૧૪ને શુક્રવારના રોજ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરતમહાનગરપાલિકાનીમોબાઈલ એપને mBillionthAward South Asia 2014




ડીજીટલ એમ્પાવરમેન્ટ ફાઉન્ડેશન દ્વારાપ્રતિ વર્ષ મોબાઈલ ટેકનોલોજી ક્ષેત્રે થયેલ સરાહનીય કામગીરીનેપ્રોત્સાહન મળે તે હેતુથીછેલ્લા પાંચ વર્ષથી mBillionth Award એનાયેતકરવામાંઆવેછે ...

વધુ માટે કલીક કરો >>>>>>



## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ

ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા.૧૯/૦૭/૨૦૧૪ ના રોજ ડીંડોલી શહેરી આરોગ્ય કેન્દ્ર, ડીંડોલી રેલ્વે ફાટકની સામે, સાંઈ નગર, સુરત ખાતેથી આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનો શુભારંભ કરવામાં આવ્યો હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ૦૬ કર્મચારીઓને ચીફ સેનેટરી ઈન્સ્પેકટર તરીકે બઢતી આપવા બાબત

તા.૨૨/૦૭/૧૪ ના રોજ મા.મ્યુનિ.કમિશનરશ્રીની અધ્યક્ષતામાં મળેલ ડીપાર્ટમેન્ટલ પ્રમોશનલ કમિટિએ સુરત મહાનગરપાલિકામાં જુદા જુદા ઝોન / ખાતામાં સેનેટરી ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા નીચે જણાવેલ ૦૬ કર્મચારીઓને ચીફ સેનેટરી ઈન્સ્પેકટર તરીકે બઢતી આપવા અંગેનો નિર્ણય લેવામાં આવેલ છે. ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાનાં વરાછાઝોનનાં વ્યવસાય વેરા અને આકારણી વસૂલાત વિભાગ ધ્વારા હીરાબાગ સર્કલ પાસે આવેલ ત્રણ ડાયમંડ ફેકટરીને સીલ કરી વ્યવસાયવેરો વસુલ કરતું વરાછા ઝોન

સુરત મહાનગરપાલિકાના પૂર્વ ઝોન (વરાછા)કાર્યક્ષેત્ર હેઠળનાં કાપોદ્રા હીરાબાગ વરાછારોડ વિસ્તારમાં આવેલ શીતલ ડાયમંડ તેમજ તુલશી ડાયમંડ બીલ્ડીંગમાં આવેલ ૩ (ત્રણ) ડાયમંડ ફેકટરીઓનો લાંબા સમયથી વ્યવસાયવેરો ભરપાઈ નહીં થતાં આજ તા.૨૩.૦૭.૨૦૧૪ નાં રોજ સવારે ૭.૦૦ કલાકે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## તમામ ઝોન વિસ્તારની કામગીરી બાબત

સવિનય રીપોર્ટ કે, મે. કમિશ્નરશ્રીની સુચના મુજબ અને ઈ.ચા. ડે. કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) નાં માર્ગદર્શન હેઠળ તમામ ઝોનવિસ્તારમાં આવેલશાક માર્કેટ, સુપર સ્ટોર દુકાનો, કોમર્શીયલ કોમ્પલેક્ષ, હોકર્સ, રીટેલ શોપ, પ્લાસ્ટીક સપ્લાયર્સ વિગેરે સ્થળોએ ઉપયોગમાં લેવામાં આવતી પ્રતિબંધિત પ્લાસ્ટીકની થેલીઓનો ઉપયોગ ન થાય તે હેતુસરની ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ડીમોલીશનની કામગીરી બાબત

ડીમોલીશનની કામગીરી બાબત ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ડીમોલીશનની કામગીરી બાબત

ડીમોલીશનની કામગીરી બાબત ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વ (વરાછા) ઝોનમાં મેઈન રોડ પર રેલ્વે પોલીસ કોલોનીને અડીને આવેલ શીવલાલ ચુનીલાલની ચાલ ઝુપડપટ્ટીમાં ડીમોલીશન / શીફટીંગની કામગીરી બાબત

પૂર્વ (વરાછા)ઝોનમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૪ (અશ્વનીકુમાર–નવાગામ), વૈશાલી હેલ્થ સેન્ટરની સામે વર્ષોથી શીવલાલ ચુનીલાલની ચાલ તરીકે ઓળખાતી ઝુપડપટ્ટી સ્થિત થયેલ. જે મહદ્ અંશે ફાયનલ ટી.પી.સ્કીમ મુજબ લાગુ મિલકતના ફાયનલ પ્લોટની કબજા ફેરફારની જમીનમાં તથા રસ્તા એલાઈમેન્ટ પૈકીમાં કુલ ૪૨ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ડીમોલીશનની કામગીરી બાબત :–

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | ટી.પી.સ્કીમ નંબર | ટી.પી.સ્કીમ નં. ૩ (કતારગામ) | | | |
| ૨. | વિસ્તાર | કુબેરનગર સોસાયટી વિભાગ–૧ | | | |
| ૩. | ફાયનલ પ્લોટ નંબર | ૪૪૦/એ/બી | | | |
| | સબ પ્લોટ નંબર | ૧૬૧/એ,બી,૧૮૧,૧૮૨ | | | |
| | રીઝર્વેશન પ્લોટ નંબર | – | | | |
| ૪. | કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામનો પ્રકાર (રહેઠાણ / કોર્મશીયલ / શૈક્ષણિક વિગેરે | રહેણાંક | | | |
| ૫. | તોડવામાં આવેલ બાંધકામની વિગત | માર્જીન | માપ (ફુટમાં) | ચો.ફુટ (વિસ્તાર) | |
| | | ભોંયતળિયે | | | |
| | | પ્રથમ માળ | | પ્રથમ માળે ૨૦૦૦ ચો.ફુટ સેન્ટરીંગ કામ દુર કરવામાં આવેલ છે. | |
| | | | બીજો માળ | | બીજા માળે સ્લેબ ભરવાને ઈરાદે ભરવામાં આવેલ આર.સી.સી. કોલમ નંગ–૨૮ તથા ૫૦૦ ચો.ફુટ સેન્ટરીંગ કામ દુર કરવામાં આવેલ છે. |
| | | | ત્રીજો માળ | | |
| | | | ચોથો માળ | | |
| | | | પાંચમો માળ | | |
| ૬. | | માલિકનું નામ | શ્રી રણછોડભાઈ સણસાગર | | |

| | | |
|---|---|---|
| ૭. | આપવામાં આવેલ લેખિત / મૌખિક નોટીસની વિગત | — |
| ૮. | પ્રગતિ હેઠળ ડીમોલીશનની વિગત | — |
| ૯. | તોડવા ગયેલ કર્મચારીની સંખ્યા | જુની.ઈજનેર – ૩, ડે.ઈજનેર–૨ |
| | બેલદારની સંખ્યા | ૨૦ |
| ૧૦. | મશીન / વાહનની વિગત | — |
| ૧૧. | વસુલ કરવામાં આવેલ ડીમોલીશન | — |
| ૧૨. | ડીપોઝીટ અથવા અન્ય વહીવટી ચાર્જની વિગત | — |
| ૧૩. | અન્ય વિગત. | — |

TOP

## "સુરત મહાનગરપાલિકા આયોજીત વર્ષાગીત સ્પર્ધા"



ભારતીય લોક સંસ્કૃતિ અને વૈવિધ્ય સભર સાંસ્કૃતિક વિરાસતના જતન કરવાના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. ભારત જેવા કૃષિપ્રધાન દેશમાં વરસાદની મહત્તાને ઉજાગર કરતા વરસાદના આગમનને વધાવવા તા.૧૮/૦૭/૨૦૧૪ને શુક્રવારના રોજ સવારે ૯.૦૦ કલાકે માધ્યમિક વિભાગની વર્ષાગીત સ્પર્ધા અને બપોરે ૧૧.૦૦ કલાકે પ્રાથમિક વિભાગની વર્ષાગીત સ્પર્ધાનું આયોજન ચં.ચી.મહેતા નાટ્યગૃહ (રંગ ઉપવન), ચોકબજાર, મકકાઈપુલ, સુરત ખાતે યોજવામાં આવી હતી. સ્પર્ધામાં શહેરની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ મળી કુલ ૧૦૫ જેટલી શાળાઓના ૬૦૦થી પણ વધુ બાળકોએ પૂરી તન્મયતાથી વર્ષાગીતો ગાયાં હતાં. સ્પર્ધાનું પરિણામ નીચે મુજબ છે.

| વિજેતા ક્રમ | પ્રાથમિક વિભાગ | માધ્યમિક વિભાગ |
|---|---|---|
| પ્રથમ | સદ્‌ભાવના વિદ્યાલય | શ્રીમતી એલ.પી.સવાણી વિદ્યાભવન |
| દ્વિતીય | વી.એન.ગોધાણી કન્યા વિદ્યાલય | અંબાબા ગર્લ્સ ઈ.સ્કુલ |
| તૃતીય | પી.પી.સવાણી વિદ્યાભવન | ગોરધનદાસ રણછોડદાસ ચોખાવાળા અંધજન મા.શાળા |
| આશ્વાસન વિજેતા | શ્રીમતી એલ.પી.સવાણી વિદ્યાભવન | શ્રીમતિ એલ.પી.સવાણી વિદ્યાભવન |
| | કે.એસ.જોષી ઈંગ્લીશ મિડિયમ પ્રા.ગર્લ્સ સ્કુલ | રૂ.સી.મા. પુણાવાલા એકસપરીમેન્ટલ હાઈસ્કુલ |
| | શ્રીમતી એસ.એચ.ગજેરા વિદ્યાભવન | બાઈ પી.એમ.પટેલ ગર્લ્સ હાઈસ્કુલ |
| | માદામ ભિખાઈજીકામા ક્ર.નં.૧૧૬ | — |
| | શ્રીમતી એલ.પી.સવાણી વિદ્યાભવન | — |
| | અંબાબેન મગનલાલ અંધજન પ્રા.શાળા | — |

આ સ્પર્ધાના વિજેતાઓને સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષાશ્રી કુ.સ્વાતિબેન સોસા, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ તથા અન્ય ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે ટ્રોફી તથા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને સ્મૃતિભેટ (લ્હાણી) અને પાર્ટીસીપન્ટ પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. સ્પર્ધાના નિર્ણાયકો તરીકે સર્વશ્રી સુનિલભાઈ રેવર, શ્રી જય મહંત, શ્રી સમસુદ્દીનભાઈ જાદવ અને શ્રીમતી રમીલાબેન ગોસ્વામીએ સેવા આપી હતી. આ પ્રસંગે શિક્ષકો, વાલીઓ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી વર્ષાગીતો માણ્યાં હતાં.

TOP

# સુરતમહાનગરપાલિકાનીમોબાઈલ એપને

## mBillionthAward South Asia 2014




ડીજીટલ એમ્પાવરમેન્ટ ફાઉન્ડેશન દ્વારાપ્રતિ વર્ષ મોબાઈલ ટેકનોલોજી ક્ષેત્રે થયેલ સરાહનીય કામગીરીનેપ્રોત્સાહન મળે તે હેતુથીછેલ્લા પાંચ વર્ષથી mBillionth Awardએનાયેતકરવામાંઆવેછે. આ વર્ષેmBillionth Award માટેસાઉથ-એશિયાના૮ ( આંઠ) દેશો માંથીવિવિધ ૧૧ (અગિયાર) કેટેગરી માટે નોમિનેશનમાંગવામાં આવેલ. જેમાં કુલ ૩૦૦ નોમીનેશન મળેલ, જે પૈકી ફાયનલીસ્ટ નક્કી કરવા માટે એક્ષ્પર્ટ જ્યુરી કાઠમંડુ, નેપાળ ખાતે મળેલઅને કુલ ૯૧ નોમીનેશનનેફાયનલીસ્ટ તરીકે શોર્ટલીસ્ટ કરવામાં આવેલ.

ફાયનલીસ્ટ પૈકી એવોર્ડ વિનર નક્કી કરવા માટેતા. ૧૮.૦૭.૨૦૧૪ ના રોજ દિલ્હી ખાતે શોર્ટલીસ્ટ થયેલ એન્ટ્રીઓને જ્યુરી સમક્ષ પ્રોજેક્ટ પ્રેઝન્ટેશન માટે બોલાવવામાં આવેલ હતા.સ્માર્ટ ફોનના વધતા જતા ઉપયોગ ને ધ્યાને લઈને મહાનગરપાલિકાની સેવા લોકોને આ અતિ સરળ માધ્યમ દ્વારા હાથવગી ઉપલબ્ધ થઇ રહે તે હેતુથી SMC દ્વારા ઇનહાઉસ તૈયાર કરવામાં આવેલ મોબાઈલ એપની ઉપયોગીતા અને પહેલને ધ્યાને લઇ એમ-ગવર્નન્સ કેટેગરીમાંસુરત મહાનગરપાલિકાને એવોર્ડ વિનર જાહેર કરવામાં આવેલ. સદર કેટેગરીમાં સુરત મહાનગરપાલિકાની મોબાઈલ એપ સાથે નેપાલ સરકારની ફોરેન મીનીસ્ટ્રીનીલેબર પરમીટઅંગેની મોબાઈલ એપને તથા ટાટા કન્સલ્ટન્સીસર્વિસીસ(TCS) દ્વારાભારત સરકારની પાસપોર્ટ સેવા અંગેની માહિતી માટેતૈયાર કરવામાં આવેલ એપ તથાબેન્ગ્લુરુંનીનેક્ષ્ટ ડ્રોપપણવિજેતાથયેલ છે. વિજેતા થયેલ સુરત મહાનગરપાલિકાને ટ્રોફી અને સર્ટીફીકેટ એનાયત કરવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા તૈયાર કરવામાં આવેલ મોબાઈલ એપ મારફત મિલકતવેરો, પ્રોફેશન ટેક્ષ, વોટર મીટર ચાર્જને લગતી વિવિધ માહિતી તથાઆઉટ સ્ટેન્ડીંગનાણાનુંમોબાઈલ પેમેન્ટ કરવાની સુવિધા , જન્મ -મરણ નોંધણી વિષયક માહિતી તથા સર્ટીફીકેટ મેળવવાની સુવિધા, વિવિધ ફોર્મ્સ ડાઉનલોડ કરવાની સુવિધા, મહાનગરપાલિકાને લગતી ફરિયાદ અને સ્ટેટસ ચેકિંગ તથા ફીડબેક, એડમીન વીંગ તથા ઇલેક્ટે ડ વીંગ, રિક્રુટમેન્ટ, એક્ટીવ ટેન્ડર, ગુમાસ્તાધારાલાઈસન્સની વિગત, રેઇનફોલને લગતી માહિતી, વિગેરે પણ ખુભ જ સરળતાથી ઉપલબ્ધ થઇ રહી છે. વધુમાં મહાનગરપાલિકાને લગતી વિવિધ સેવાઓ સંબધિત કચેરી જેવીકે નાગરિક સુવિધા કેન્દ્ર, હેલ્થ સેન્ટર, સ્વીમીંગ પુલ, ફાયર સ્ટેશન, ઓડીટોરીયમ વિગેરેનું એડ્રેસ તથા ત્યાં જવાનો રૂટ પણ ગુગલ મેપ સાથે ઇન્ટીગ્રેટ કરીને ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

આમ, સુરત મહાનગરપાલિકા દ્વારા લોકોની સગવડ અને સરળતા માટે વખતો વખત ઈ-ગવર્નન્સ અને એમ-ગવર્નન્સના ઈનીશીએટીવ અંતર્ગત શરુ કરવામાં આવતા વિવિધ પ્રોજેક્ટો પૈકી મોબાઈલ એપની રાષ્ટ્રીય કક્ષાએ પણ નોંધ લેવામાં આવેલ છે.અત્રે ઉલ્લેખનીય છે કે મહાનગરપાલિકાની આ સેવાઓને નાગરિકો દ્વારા ખુબ જ સારો પ્રતિસાદ મળેલ છે અને તેનો ખુબ જ બહોળાં પ્રમાણમાં લોકો દ્વારા ઉપયોગ થઇ રહેલ છે.

TOP

# સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ




ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા.૧૯/૦૭/૨૦૧૪ ના રોજ ડીંડોલી શહેરી આરોગ્ય કેન્દ્ર, ડીડોંલી રેલ્વે ફાટકની સામે, સાંઈ નગર, સુરત ખાતેથી આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે મે.કમિશનરશ્રી મિલિન્દ તોરવણે, શાસક પક્ષ નેતાશ્રી કિશોરભાઈ બિંદલ, રૂગ્ણાલયો, વૈદકીય રાહત અને તંદુરસ્તી વર્ધક સમિતિનાં ચેરપર્સન શ્રીમતિ ઉર્મિલાબેન રાણા, આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશનર (હેલ્થ એન્ડ હોસ્પિ.) ડો.હેમંત દેસાઈ, આસી.કમિશનર ર્ડા.ગાયત્રીબેન જરીવાલા, મ્યુનિ.સદસ્યશ્રીમતી નયનાબેન નાયક, શ્રી સુભાષભાઈ પાટીલ, શ્રી દયાશંકર સિંહ, શ્રીીમતી પ્રિતીબેન પટેલ, શ્રીમતી સુમનબેન પાટીલ, સાઉથ ઈસ્ટ ઝોનના કાર્યપાલક ઈજનેર શ્રી.આર.સી.જરીવાલા, નાયબ આરોગ્ય અધિકારીશ્રી. જે.ડી.પટેલ, તેમજ સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત,ડીડોંલીદ શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસરો, આઈ.સી.ડી.એસ.ના કર્મચારી તથા અન્ય અધિકારી / કર્મચારીઓ હાજર રહયા હતા.

આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશ્નર ડો.હેમંત એસ.દેસાઈએ કાર્યક્રમ સંબંધી જાણકારી આપી હાજર રહેલ આમંત્રિતો તથા લાભાર્થીઓનું સ્વાગત કર્યુ હતું. પ્રાસંગીક પ્રવચનમાં જણાવ્યુ હતુ કે, સુરત મહાનગરપાલિકા છેલ્લા નવ વર્ષથી વિના મૂલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પોનું આયોજન કરે છે. ''સામાન્ય રીતે ચોમાસા દરમ્યાન પાણીજન્ય / પાણી સંલગ્ન રોગોનું પ્રમાણ વઘુ જોવા મળે છે જેથી મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ તથા આરોગ્યલક્ષી પ્રદર્શન યોજી તેમાં વિના મૂલ્યે નિદાન / સારવાર આપવામાં આવે છે. જેમાં સ્મીમેર હોસ્પિટલના નિષ્ણાંત તબીબો દ્વારા નિદાન કરી સારવાર આપવામાં આવે છે જરૂર જણાય તેવા કેસોને સ્મીમેર / નવી સીવીલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવે છે. નાગરીકોને આવા વિના મૂલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનો લાભ લેવા જણાવ્યુ તથા સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓને મદદરૂપ થવા જણાવેલ હતુ.

રૂગ્ણાલય સમિતિના ચેરપર્સન શ્રીમતિ ઉર્વશીબેન રાણાએ પોતાન પ્રાસંગીત પ્રવચનમાં જણાવ્યુ હતુ કે ચોમાસાની ઋતુમાં રોગચાળાનું પ્રમાણ વધારે જોવા મળતુ હોવાથી સુરત મહાનગરપાલિકા આવા મેડીકલ કેમ્પો દરેક ઝોનમાં યોજે છે તેમજ જાહેર જનતાને રોગચાળા વિષે જ્ઞાન મળે તે માટે આરોગ્યલક્ષી પ્રદર્શન પણ દરેક ઝોનમાં યોજે છે જેથી જાહેર જનતાને આવા નિષ્ણાંત ડોકટરોની સેવા લેવા અનુરોધ કર્યો હતો તેમજ પ્રદર્શનનો લાભ લેવા જણાવ્યુ હતું.

શાસક પક્ષના નેતા અને આરોગ્ય સમિતિના ચેરમેન શ્રી કિશોરભાઈ બિંદલ, પ્રાસંગિક પ્રવચનમાં પ્રાણીજન્ય રોગો સામે તાકેદારી આખવા જાહેર જનતાને અનુરોધ કરતા જણાવ્યુ હતુ કે, ઘરની આજુ બાજુ સ્વચ્છતા રાખવા તથા ગમે ત્યાં કચરો ન નાખવા જાહેર અપીલ કરી હતી તેમજ ચોમાસાની ઋતુ દરમ્યાન ધાબા પર પડી રહેલા નકામા કાટમાળ તથા ડાયરો વિગેરેનો નિકાલ કરવા જણાવ્યું હતું. તથા ડીસ્પોઝેબલ પ્લેટમાં ખાવાનો આગ્રહ રાખવો. ઘરે આવતા આરોગ્ય કાર્યકરને સાથ સહકાર આપવા તેમજ આપવા તેમજ આવા રોગો વિશેનું જ્ઞાન નાના બાળકોને પણ આપવા જણાવ્યુ હતું.

મે.કમિશનરશ્રી મિલિન્દ તોરવણે એ પ્રાસંગિક પ્રવચનમાં મહાનગરપાલિકા તરફથી આપવામાં આવતી આરોગ્ય લક્ષી સેવાનો લાભ લેવા જણાવ્યુ. તથા બાળકોનો કુપોષણ બાબતે પણ પગલા લેવા જણાવ્યું.

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી. મેડીકલ કેમ્પમાં કોસાડ શહેરી આરોગ્ય કેન્દ્રની આસપાસના વિસ્તારના કુલ ૮૪૭ લાભાર્થીઓએ લાભ લીધો હતો. જેમાં આંખના નિષ્ણાત દ્વારા ૧૧૨, ચામડીના નિષ્ણાત દ્વારા ૧૦૩, સ્ત્રીરોગ નિષ્ણાત દ્વારા ૩૧, બાળરોગ નિષ્ણાત દ્વારા ૧૦૭, ફિઝીશ્યન દ્વારા ૨૪૮, સર્જન દ્વારા ૦૯, મેડીકઈ ઓફીસર દ્વારા ૨૩૭ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. લેબ.ટેકનીશીયન દ્વારા તાવના ૨૮ દર્દીઓના લોહીના નમુના લેવામાં આવ્યા હતા. ઓ.આર.એસ. ૨૫ પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. ૮૭ દર્દીઓને વિશિષ્ટ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે રોગ અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા જાણકારી આપી ૨૧૮૦ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ ૫૫૦, ઓરલ પીલ્સ ૨૩ પેકેટ, આયર્ન ફોલીક એસીડ નાની મોટી મળી કુલ ૬૧૦ ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. રસીકરણ વિભાગ દ્વારા ૦૧ બાળકને બી.સી.જી., ૦૩ બાળકોને પેન્ટાવેલેન્ટ અને ૦૪ બાળકોને પોલીયોની રસી આપવામાં આવી હતી.

નોંધ :— આગામી વિના—મૂલ્યે નિદાન સારવાર કેમ્પનું આયોજન તારીખ : ૨૬/૦૭/૧૪ના રોજ ભેસ્તાન શહેરી આરોગ્ય કેન્દ્ર ખાતે રાખવામાં આવેલ છે. જેનો આ વિસ્તારના તથા અન્ય તમામ નાગરિકોને મહત્તમ લાભ લેવા વિનંતી છે.

**TOP**

## ૦૬ કર્મચારીઓને ચીફ સેનેટરી ઈન્સ્પેકટર તરીકે બઢતી આપવા બાબતઃ–

તા.૨૨/૦૭/૧૪ ના રોજ મા.મ્યુનિ.કમિશનરશ્રીની અધ્યક્ષતામાં મળેલ ડીપાર્ટમેન્ટલ પ્રમોશનલ કમિટિએ સુરત મહાનગરપાલિકામાં જુદા જુદા ઝોન / ખાતામાં સેનેટરી ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા નીચે જણાવેલ ૦૬ કર્મચારીઓને ચીફ સેનેટરી ઈન્સ્પેકટર તરીકે બઢતી આપવા અંગેનો નિર્ણય લેવામાં આવેલ છે.

| અ.નં. | કર્મચારીનું નામ | કર્મચારી નંબર |
|---|---|---|
| ૧ | શ્રી ટી.એ.દેસાઈ | ૧૦૧૩૪ |
| ૨ | શ્રી પી.એ.ગજજર | ૧૦૩૮૫ |
| ૩ | શ્રી યુ.પી.પાઠક | ૧૦૩૯૧ |
| ૪ | શ્રી મહેશ જી.પટેલ | ૧૪૭૬૨ |
| ૫ | શ્રે એન.પી.નાયક | ૧૦૫૬૪ |
| ૬ | શ્રી મુકેશ જી. પટેલ | ૧૪૭૬૩ |

TOP

## સુરત મહાનગરપાલિકાનાં વરાછાઝોનનાં વ્યવસાય વેરા અને  આકારણી વસૂલાત વિભાગ ધ્વારા હીરાબાગ સર્કલ પાસે આવેલ ત્રણ ડાયમંડ ફેકટરીને સીલ કરી વ્યવસાયવેરો વસુલ કરતું વરાછા ઝોન

સુરત મહાનગરપાલિકાના પૂર્વ ઝોન (વરાછા)કાર્યક્ષેત્ર હેઠળનાં કાપોદ્રા હીરાબાગ વરાછારોડ વિસ્તારમાં આવેલ શીતલ ડાયમંડ તેમજ તુલશી ડાયમંડ બીલ્ડીંગમાં આવેલ ૩ (ત્રણ) ડાયમંડ ફેકટરીઓનો લાંબા સમયથી વ્યવસાયવેરો ભરપાઈ નહીં થતાં આજ તા.૨૩.૦૭.૨૦૧૪ નાં રોજ સવારે ૭.૦૦ કલાકે વરાછાઝોનનાં વ્યવસાયવેરા તેમજ આકારણી વિભાગનાં સહયોગથી ત્રણેય ડાયમંડ ફેકટરીઓની મિલકતોને ટાંચમાં લઈ સીલ કરવામાં આવેલ.  ત્યારબાદ જે તે ફેકટરીના માલિકો પાસેથી રૂા.૩,૫૨,૫૬૦/– વ્યવસાયવેરાનાં વસૂલ લઈ ત્રણેય ડાયમંડ ફેકટરીઓનાં સીલ ખોલી નાંખવામાં આવેલ છે.

ગુજરાત રાજય વ્યવસાય, ધંધા અને રોજગાર વેરા અધિનિયમ, ૧૯૭૭ ની કલમ ૧૭(ક) હેઠળ તમામ બિનરહેણાંકવાળી મિલકતોએ વ્યવસાયવેરો ભરપાઈ કરવો ફરજીયાત છે.  જેથી ગુજરાત રાજય કરવેરાને લાગતા કાયદા વિધાયક મુજબ બાકી વ્યવસાયવેરો જે તે મિલકત ઉપર સરકારી બોજો ગણવામાં આવશે.

પૂર્વઝોન (વરાછા) કાર્યક્ષેત્રમાં આવેલ બિનરહેણાંકવાળી મિલકતો કે જેનો વ્યવસાયવેરો બાકી પડે છે, તેવી મિલકતોની યાદી બનાવી ક્રમાનુસાર ટાંચમાં લઈ વ્યવસાયવેરો વસૂલ કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવેલ છે.  જેથી આપનો બાકી વ્યવસાયવેરો નિયમિત ભરપાઈ કરવા જાહેર જનતાને અનુરોધ છે.

TOP

## તમામ ઝોન વિસ્તારની કામગીરી બાબત :–

સવિનય રીપોર્ટ કે, મે. કમિશ્નરશ્રીની સુચના મુજબ અને ઈ.ચા. ડે. કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) નાં માર્ગદર્શન હેઠળ તમામ ઝોનવિસ્તારમાં આવેલશાક માર્કેટ, સુપર સ્ટોર દુકાનો, કોર્મશીયલ કોમ્પલેક્ષ, હોકર્સ, રીટેલ શોપ, પ્લાસ્ટીક સપ્લાયર્સ વિગેરે સ્થળોએ ઉપયોગમાં લેવામાં આવતી પ્રતિબંધિત પ્લાસ્ટીકની થેલીઓનો ઉપયોગ ન થાય તે હેતુસરની જનજાગૃતિ અંતર્ગતતા. ૨૪–૭–૧૪નાં રોજ સવારથી સાંજ સુધી જે તેઝોન મારફતે પ્રતિબંધિત પ્લાસ્ટીક અટકાયત ઝુંબેશ હાથ ઘરવામાં આવેલ. તમામ ઝોનવિસ્તારમાં કરવામાં આવેલ કામગીરીની માહિતી નીચે મુજબ છે.

| અ. નં. | ઝોનનું નામ | ચેક કરેલ સંસ્થાની સંખ્યા | જપ્ત કરેલ પ્લાસ્ટીક જથ્થો(કિ.ગ્રા) | વસુલ કરેલ વહીવટી ખર્ચ (રૂા.) | કસુરવાર ઈસમની સંખ્યા | આપેલ નોટીસ |
|---|---|---|---|---|---|---|
| ૧ | સેન્ટ્રલ | ૧૪૧ | ૪૦.૬૫૦ | ૨૮૦૦૦ | ૧૪૧ | ૧૦૦ |
| ૨ | વરાછા | ૨૪૫ | ૧૧૨.૫૦૦ | ૩૧૦૫૦ | ૨૪૫ | ૦ |
| ૩ | રાંદેર | ૭૨ | ૩૮.૦૦૦ | ૩૪૦૦૦ | ૬૧ | ૧૧ |
| ૪ | કતારગામ | ૧૯૪ | ૪૦.૦૦૦ | ૨૬૧૦૦ | ૧૯૪ | ૭૫ |
| ૫ | ઉધના | ૧૧૪ | ૩૪.૪૦૦ | ૧૯૭૦૦ | ૧૦૪ | ૫ |
| ૬ | લીંબાયત | ૯૭ | ૨૩.૮૦૦ | ૧૮૭૫૦ | ૯૭ | ૦ |
| ૭ | અઠવા | ૧૭૩ | ૩૨.૮૦૦ | ૨૫૮૦૦ | ૯૭ | ૫૧ |
| કુલ | | **૧૦૩૬** | **૩૨૨.૧૫** | **૧૮૩૪૦૦** | **૯૩૯** | **૨૪૨** |

TOP

## ડીમોલીશનની કામગીરી બાબત :–

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | ટી.પી.સ્કીમ નંબર | ટી.પી.સ્કીમ નં. ૨૪ (ટુંકી) | | |
| ૨. | વિસ્તાર | નીલકંઠ ઈન્ડસ્ટ્રીયલ સોસાયટી વિભાગ–૫, બહુચરાજી મંદિર પાછળ, વેડ રોડ, સુરત. | | |
| ૩. | ફાયનલ પ્લોટ નંબર | ૧૨/પૈકી | | |
| | સબ પ્લોટ નંબર | ૫, ૬, ૭ | | |
| | રીઝર્વેશન પ્લોટ નંબર | ૯.૦૦ મી. ના ટી.પી.રસ્તા પૈકીનો ભાગ | | |
| ૪. | કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામનો પ્રકાર (રહેઠાણ / કોર્મશીયલ / શૈક્ષણિક વિગેરે | રહેણાંક | | |
| ૫. | તોડવામાં આવેલ બાંધકામની વિગત | માર્જીન | માપ (ફુટમાં) | ચો.ફુટ (વિસ્તાર) |
| | | ભોંયતળિયે | | |
| | | પ્રથમ માળ | | |
| | | બીજો માળ | | આશરે ૫૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી. બીમ, કોલમ, સ્લેબ સહિતનું બાંધકામ દુર કરવામાં આવેલ છે. |
| | | ત્રીજો માળ | | આશરે ૫૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી. બીમ, કોલમ, સ્લેબ સહિતનું બાંધકામ દુર કરવામાં આવેલ છે. |
| | | ચોથો માળ | | આશરે ૫૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી. બીમ, કોલમ, સ્લેબ સહિતનું બાંધકામ દુર કરવામાં આવેલ છે. |
| | | પાંચમો માળ | | આશરે ૫૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં ચતણરની દિવાલો સહિતનું બાંધકામ દુર કરવામાં આવેલ છે. |
| ૬. | માલિકનું નામ | શ્રી કેવીનભાઈ એ. તમાકુવાલા | | |
| ૭. | આપવામાં આવેલ લેખિત / મૌખિક નોટીસની વિગત | – | | |
| ૮. | પ્રગતિ હેઠળ ડીમોલીશનની વિગત | – | | |
| ૯. | તોડવા ગયેલ કર્મચારીની સંખ્યા | જુની.ઈજનેર – ૩ , આસી.ઈજનેર – ૧<br>ડે.ઈજનેર – ૧ | | |
| | બેલદારની સંખ્યા | ૧૫ | | |
| ૧૦. | મશીન / વાહનની વિગત | – | | |
| ૧૧. | વસુલ કરવામાં આવેલ ડીમોલીશન | ૨૦,૦૦૦/– | | |

| | | |
|---|---|---|
| ૧૨. | ડીપોઝીટ અથવા અન્ય વહીવટી ચાર્જની વિગત | — |
| ૧૩. | અન્ય વિગત. | — |

TOP

## ડીમોલીશનની કામગીરી બાબત :–

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | ટી.પી.સ્કીમ નંબર | ટી.પી.સ્કીમ નં. ૩ (કતારગામ) | | |
| ૨. | વિસ્તાર | પારસ સોસાયટી વિભાગ–એ, | | |
| ૩. | ફાયનલ પ્લોટ નંબર | – | | |
| | સબ પ્લોટ નંબર | ૫૮,૫૯,૬૦,૬૮,૬૯ | | |
| | રીઝર્વેશન પ્લોટ નંબર | – | | |
| ૪. | કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામનો પ્રકાર (રહેઠાણ / કોર્મશીયલ / શૈક્ષણિક વિગેરે | કોમર્શીયલ | | |
| ૫. | તોડવામાં આવેલ બાંધકામની વિગત | માર્જીન | માપ (ફુટમાં) | ચો.ફુટ (વિસ્તાર) |
| | | ભોંયતળિયે | | |
| | | પ્રથમ માળ | | આશરે ૩૫૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં પ્રથમ માળનો સ્લેબ ભરવાને ઈરાદે શરૂ કરેલ આર.સી.સી. કોલમો સહિતનું બાંધકામ દુર કરવામાં આવેલ છે. |
| | | બીજો માળ | | |
| | | ત્રીજો માળ | | |
| | | ચોથો માળ | | |
| | | પાંચમો માળ | | |
| ૬. | માલિકનું નામ | શ્રી મહેશભાઈ ભીમજીભાઈ ગોંડલીયા | | |
| ૭. | આપવામાં આવેલ લેખિત / મૌખિક નોટીસની વિગત | – | | |
| ૮. | પ્રગતિ હેઠળ ડીમોલીશનની વિગત | – | | |
| ૯. | તોડવા ગયેલ કર્મચારીની સંખ્યા | જુની.ઈજનેર – ૧ , આસી.ઈજનેર – ૧ | | |
| | બેલદારની સંખ્યા | ૧૫ | | |
| ૧૦. | મશીન / વાહનની વિગત | – | | |
| ૧૧. | વસુલ કરવામાં આવેલ ડીમોલીશન | ૧૦,૦૦૦/– | | |
| ૧૨. | ડીપોઝીટ અથવા અન્ય વહીવટી ચાર્જની વિગત | – | | |
| ૧૩. | અન્ય વિગત. | – | | |

TOP

## પૂર્વ (વરાછા) ઝોનમાં મેઈન રોડ પર રેલ્વે પોલીસ કોલોનીને અડીને આવેલ શીવલાલ ચુનીલાલની ચાલ ઝુપડપટ્ટીમાં ડીમોલીશન / શીફટીંગની કામગીરી બાબત :–

પૂર્વ (વરાછા)ઝોનમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૪ (અશ્વનીકુમાર–નવાગામ), વૈશાલી હેલ્થ સેન્ટરની સામે વર્ષોથી શીવલાલ ચુનીલાલની ચાલ તરીકે ઓળખાતી ઝુપડપટ્ટી સ્થિત થયેલ. જે મહદ્ અંશે ફાયનલ ટી.પી.સ્કીમ મુજબ લાગુ મિલકતના ફાયનલ પ્લોટની કબજા ફેરફારની જમીનમાં તથા રસ્તા એલાઈમેન્ટ પૈકીમાં કુલ ૪૨ (બેતાલીસ) દુકાન તથા રહેઠાણ સ્થિત હતા. જે પૈકીના વસવાટ કરતાં ઈસમોને વૈકલ્પિક વ્યવસ્થા તરીકે આવાસ ફાળવી તા.૨૩/૦૭/૨૦૧૪ તથા તા.૨૪/૦૭/૨૦૧૪ના રોજ સદર દુકાન / રહેઠાણના લાભાર્થી ઈસમોને શીફટ કરી પોલીસ બંદોબસ્ત તથા શહેર વિકાસના સ્ટાફની મદદથી આજરોજ ડિમોલીશનની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ. જે અન્વયે આશરે ૮૪૦૦.૦૦ ચો.ફુટ જગ્યા ખુલ્લી કરવામાં આવેલ. વરાછા મેઈન રોડ પર વૈશાલી ખાંડ બજાર સર્કલ નજીકથી દુર થયેલ ઝુપડા / દુકાનોને લઈ ટ્રાફીકનું ભારણ પણ મહદ્ અંશે શળવું થશે.

TOP